## નમુનો–એ

| | |
|---|---|
| એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ધારી–અમરેલી. | |
| **GJAM030011042024** | ફોજદારી કેસ નંબર:–૬૮૮/૨૦૨૪<br><br>આંક–૨૧<br><br>રજુ તારીખ ૧૭ ૦૯ ૨૦૨૪<br>દાખલ તારીખ ૧૭ ૦૯ ૨૦૨૪<br>ફેસલ તારીખ ૧૬ ૦૩ ૨૦૨૬<br>૦૧ વર્ષ ૦૫ મહીના ૨૯ દિવસ |
| એફ.આઇ.આર નંબર | ચલાલા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર ૧૧૧૯૩૦૧૩૨૪૦૧૫૯/૨૦૨૪,<br>તારીખ:– ૧૩/૦૭/૨૦૨૪ |
| ફરિયાદપક્ષ | ગુજરાત રાજ્ય<br><br>(મુળ ફરિયાદી પ્રવિણભાઇ લાલજીભાઇ રાંક) |
| ફરિયાદપક્ષે વિદ્વાન એ.પી.પી શ્રી | બી.કે.ચૌધરી અને એમ.એમ.સકસેના |
| આરોપી પક્ષ | અમિતભાઇ વિજયભાઇ સોલંકી<br>રહે:– ચલાલા, તાલુકો:– ધારી, જીલ્લો:– અમરેલી |
| આરોપીપક્ષે વિદ્વાન વકીલશ્રીઓ | એ.એમ.વાળા |

# નમુનો–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | :– ૦૨/૦૭/૨૦૨૪ |
| ફરિયાદની તારીખ | :– ૧૩/૦૭/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | :– ૨૧/૦૮/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | :– ૨૪/૦૨/૨૦૨૫ |
| પુરાવો શરુ થયા તારીખ | :– ૧૮/૧૨/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવામાં આવેલી તારીખ | :– ૧૭/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | :– ૧૭/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | :– આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ થયો છે. |
| વિશેષ નોંધ | : |

## આરોપીઓની વિગત

| ક્રમ | આરોપીનુ નામ | અટક કર્યા તારીખ | જામીનમુક્ત કર્યા તારીખ | તહોમત | નિર્દોષ/ દોષિત | કરવા માં આવેલી સજા | સુનાવણી દરમ્યાન સાંજનો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમિતભાઇ વિજયભાઇ સોલંકી | ૦૩/૦૯/૨૦૨૪ | ૦૪/૦૯/૨૦૨૪ | બી.એન.એસ ની કલમ ૩૦૩ (૨) મુજબનો | નિર્દોષ | – | – |

# નમુનો–સી

ફરિયાદપક્ષ/ બચાવ પક્ષ/ કોર્ટ સાહેદોની યાદી

(૧) ફરિયાદપક્ષના સાહેદો: –

| ક્રમ | સાહેદનુ નામ | આંક | પુરાવાનો પ્રકાર અને સ્વરૂપ |
|---|---|---|---|
| ૧ | પ્રવિણભાઇ લાલજીભાઇ ટાંક | આંક–૧૦ | ફરિયાદી |
| ૨ | ભનુભાઇ બચુભાઇ સાપરીયા | આંક–૧૨ | પંચ સાહેદ |
| ૩ | જગદીશભાઇ હરિભાઇ ચૌહાણ | આંક–૨૦ | પંચ સાહેદ |
| ૪ | એ.એસ.આઇ એન.બી.દાફડા | આંક–૧૮ | તપાસનીશ અધિકારી |

(૨) બચાવ પક્ષના સાહેદો: –

| ક્રમ | સાહેદનુ નામ | આંક | પુરાવાનો પ્રકાર અને સ્વરૂપ |
|---|---|---|---|
| કોઇ સાહેદને તપાસવા માંગતા નથી કે આરોપી પોતે સોગંદ પર જુબાની આપવા માંગતા નથી. | | | |

(૩) અદાલતના સાહેદ : –

| ક્રમ | સાહેદનુ નામ | આંક | પુરાવાનો પ્રકાર અને સ્વરૂપ |
|---|---|---|---|
| કોઇ નથી | | | |

ફરિયાદપક્ષ/ બચાવ પક્ષ/ કોર્ટના દસ્તાવેજી પુરાવાઓ ની યાદી

૧) ફરિયાદપક્ષના દાસ્તાવેજી પુરાવા: –

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ ની ખરી નકલ | આંક–૧૧ |
| ૨ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | આંક–૧૨ |
| ૩ | આરોપીનુ અટક પંચનામુ | આંક–૧૩ |
| ૪ | આરોપી પાસેથી મુદ્ધામાલ રીકવર કર્યા અંગેનુ પંચનામુ | આંક–૧૪ અને ૧૫ |

(૨) બચાવ પક્ષના દસ્તાવેજી પુરાવા: –

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| | કોઇ દસ્તાવેજ રજુ કર્યા નથી. | |

(૩) અદાલતના દસ્તાવેજી પુરાવા: –

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| | કોઈ નહી | |

(૪) ભૌતિક પુરાવાઓ:  –

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| કોઇ નહી | | |

**૧) ફરિયાદપક્ષના કેસની ટુંક હકીકત: –**

આ કેસ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૦૩(૨) મુજબના ગુના બદલ આરોપી ભુપતભાઈ જગુભાઈ વાળા રહે:– ભરડ, તાલુકો:– ધારી, જીલ્લો:– અમરેલી વિરુદ્ધ નોંધવામાં આવ્યો છે.

આ કેસની ટુંક હકીકત એવી છે કે આ કેસના ફરિયાદપક્ષની ટુંક હકીકત એવી છે કે આ કેસના ફરિયાદી ગત તારીખ ૦૨/૦૭/૨૦૨૪ ના રોજ પોતાની વાડીએ ખેતી કરવા માટે ગયા હતા. તે સમયે ફરિયાદીના સોનાલિકા કંપની કે જેના રજીસ્ટ્રેશન નંબર જીજે–૧૪–એમ–૩૮૦૧ વાડી એ રાખ્યુ હતુ. ફરિયાદી ખેતી કામ કરી ને પરત આવ્યા હતા ત્યારે તેમના ટ્રેક્ટરમા સાઇડ મા રહેલી એક્સાઇડ કંપનીની બેટરી ને કોઇ અજાણ્યો ઇસમ ચોરી કરી ગયુ હતુ. ત્યારબાદ તપાસ કરતા ફરિયાદીના ટ્રેક્ટર માથી બેટરી દેવીપુજક વાસ, ચલાલા મા રહેતા અમિતભાઈ વિજયભાઈ સોલંકી ચોરી ગયા હોવાનુ ખુલતા તે આરોપી વિરુદ્ધ ચલાલા પોલીસ સ્ટેશનમા ફરિયાદ આપી હતી.

**૨) પોલીસ રૂબરૂની કાર્યવાહી: –**

આ ફરિયાદના આધારે ચલાલા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર પાર્ટ–એ ૧૧૧૯૩૦૧૩૨૪૦૧૫૯/૨૦૨૪, તારીખ ૧૩/૦૭/૨૦૨૪ થી આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ– ૩૦૩(૨), ૩૨૯(૩) મુજબનો ગુનો નોંધી ગુનાની તપાસ કરી હતી.

આ ગુનાની તપાસમાં, તપાસનીશ અધિકારીને આરોપી વિરુદ્ધ પુરતા પુરાવા હોવાનુ જણાતા આરોપી વિરુદ્ધ ઉપરોક્ત કલમ મુજબના ગુના બદલ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૯૩ મુજબનુ ચાર્જશીટ કર્યુ છે.

૩) **અદાલત સમક્ષની કાર્યવાહી: –**

આ ગુનાની ચાર્જશીટના આધારે, અદાલતે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૧૦(૧)(બી) મુજબ ગુનાનુ સંજ્ઞાન લીધુ હતુ. આ કેસમાં આરોપી તેમના વિદ્વાન વકીલ શ્રી સાથે હાજર થયા છે. આરોપીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સ ની નકલ વિના મુલ્યે પુરી પાડી આંક–૧૬ થી તહોમતનામું ઘડી, આંક–૧૭ વડે આરોપીનુ નિવેદન લીધુ હતુ. જેમાં આરોપીએ ગુનો કર્યો હોવાનો ઇન્કાર કર્યો છે. તેથી આ કેસમાં ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવ્યો છે.

૪) **ફરિયાદપક્ષનો પુરાવો: –**

આ કેસમાં ફરિયાદપક્ષે આ ચુકાદામાં પેજ–૪ અને ૫ ઉપર દર્શાવેલા **નમુના–સી** માં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા છે. તે સિવાય અન્ય કોઇ પુરાવા રજુ કર્યા નથી.

૫) **આરોપીનુ વિશેષ નિવેદન: –**

આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા પછી તે સંદર્ભે ખુલાસો કરવાની તક આપવા જેવો પુરાવો રેકર્ડ પર આવ્યો ન હોવાથી આરોપીનુ વિશેષ નિવેદન નોંધ્યુ નથી.

૬) **મુદ્દાઓ**

અ) શું ફરિયાદપક્ષ નિશંકપણે સાબિત કરે છે કે આરોપીએ ગત તારીખ ૦૨/૦૭/૨૦૨૪ ના રોજ ફરિયાદી પોતાની વાડીએ ખેતી કરવા માટે ગયા હતા અને ફરિયાદી ખેતી કરતા હતા તે સમયે ફરિયાદીના સોનાલિકા કંપની કે જેના રજીસ્ટ્રેશન નંબર જીજે–૧૪–એમ–૩૮૦૧ ની

સાઇડ મા રહેલી એક્સાઇડ કંપનીની બેટરી ચોરી કરી જઇને ભારતીય ન્યાયસંહિતા– ૨૦૨૩ ની કલમ– ૩૦૩(૨) મુજબનો ગુનો કર્યો છે?

બ) શું હુકમ છે?

**મુદ્દાઓ પરનો નિર્ણય**

અ) નકારમાં

બ) આખરી હુકમ મુજબ

૭ **મુદ્દાઓ પરનો નિર્ણય**

**ફરિયાદપક્ષનો પુરાવો: –**

ફરિયાદપક્ષે આ કેસની સાબિતી માટે સૌપ્રથમ ફરિયાદીને તપાસ્યા છે. ફરિયાદી અદાલત સમક્ષની સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે આ કામનો બનાવ તારીખ ૦૨/૦૭/૨૦૨૪ ના રોજ બન્યો હતો. બનાવના દિવસે તેમનુ  સોનાલિકા કંપનીનુ ટ્રેક્ટર નંબર જીજે–૧૪–એમ–૩૮૦૧ નુ લઇને વાડી એ ગયા હતા અને સાંજના આશરે સાડા ચાર વાગ્યે તે ટ્રેક્ટર વાડી એ મુકીને અમરેલી ગયો હતા ત્યાથી સાંજના પરત આવતા તેમણે જોયુ હતુ કે તેમના ટ્રેક્ટર સાઇડમા બારી પાસે ટ્રેક્ટર ની જે બેટરી આવે તે બેટરી જોવા મળી ન હતી. તે બેટરી લીલા જેવા રંગની એક્સાઇડ જયકિશાન કંપનીની હતી જેનો સિરિયલ નંબર હાલ મને યાદ નથી. ફરિયાદી જણાવે છે કે આ બેટરી તેમણે પટેલ બેટરી સેન્ટર ચલાલા માથી રૂપિયા ૫૧૦૦/– ની ખરીદી હતી. ફરિયાદી વધુમા જણાવે છે કે તેમણે બેટરી શોધવા પોતાની રીતે આજુબાજુ તપાસ કરી હતી અને બધાને બેટરી અંગે પુછપરછ કરી હતી તે વખતે તારીખ ૧૨/૦૭/૨૦૨૪ ના રોજ મને વાતોવાતથી જાણવા મળ્યુ હતુ કે પોલીસે અમિત વિજયભાઇ સોલંકીને બેટરી સાથે પકડયા છે

જેથી હુ મારુ બિલ લઈ ને બેટરીની ખરાઈ કરવા ગયો હતો અને આ બેટરી મારા ટ્રેક્ટર ની હોવાથી મે બનાવ અંગે પોલીસમા ફરિયાદ આપી હતી. ફરિયાદી જણાવે છે કે તેઓ આરોપીને ઓળખી શકે તેમ છે. ફરિયાદી ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમને બેટરી કોણ ચોરી ગયુ હતુ તે વિશે વાતોવાત થી જાણવા મળ્યુ હતુ. આમ ફરિયાદીની જુબાની પરથી હાલના આરોપી પાસેથી મુદ્દામાલ મળ્યો હોવાનુ અને તે મુદ્દામાલ ની ચોરી હાલના આરોપી એ કરી હોવાનુ પુરવાર થતુ નથી.

આ કામે રજુ ચાર્જશીટ મુજબ પોલીસે હાલના આરોપી પાસે થી મુદ્દામાલ બેટરી રીકવર કરી હતી અને તે અંગેનુ વિગતવાર નુ પંચનામુ કર્યુ હતુ. ફરિયાદપક્ષે તે પંચનામાના પંચ સાહેદ ભનુભાઈ બચુભાઈ સોલંકી અને જગદીશભાઈ હરિભાઈ ચૌહાણ ને સાહેદ તરીકે અનુક્રમે આંક–૧૨ અને આંક–૨૦ થી તપાસ્યા છે. આ બંને પંચ સાહેદો અદાલત સમક્ષની સોગંદ પરની જુબાનીમા જણાવે છે આરોપીની શરીર સ્થિતિના પંચનામામા, બે એન્ડ્રોઇડ મોબાઈલ સાથે કબ્જે લીધા હતા. આ બંને પંચસાહેદો ને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. આ બને પંચસાહેદો એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓ પોલીસ ના બોલાવાથી ચલાલા હુસેનભાઈ ના તબેલા પાસે દાનેવ સોસાયટી જવાના રસ્તા પાસે હાજર થયા હતા અને ત્યા પોલીસે એક ઈસમનુ નામઠામ પંચોર રૂબરૂ પુછતા તેણે પોતાનુ નામ અમિતભાઈ વિજયભાઈ સોલંકી હોવાનુ જણાવ્યુ હતુ અને તેની પાસે થી લીલા રંગની એક્સાઈડ કંપની બેટરી પંચનામા ની વિગતે પંચની હાજરીમા કબ્જે લીધી હતી. આમ હાલના આરોપી પાસેથી મુદ્દામાલ મળ્યા અંગેના પંચનામા પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. આ કેસમા તપાસનીશ અધિકારી અદાલત સમક્ષ ની સોગંદ પરની જુબાનીમાં તેમણે કરેલી તપાસની કામગીરી અંગેની હકીકત જણાવે છે પરંતુ તે હકીકત ને અન્ય સ્વતંત્ર સાહેદો ની જુબાની થી સમર્થન મળતુ નથી. આમ ફરિયાદપક્ષના કોઈ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી.

નામદાર સર્વોચ્ચ અદાલતે **સતીષ મહેરા વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન [1996 (9) SCC**

**766]** ના ચુકાદામા પ્રસ્થાપિત કર્યુ છે કે

"when the Judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the Court should not be wasted for holding a trial only for the purpose of formally completing the procedure to pronounce the conclusion on a future date."

આ કેસમા અગત્યના સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. આ કામે ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવા ઓ પરથી ફરિયાદ મુજબની બેટરી આ કામના આરોપી પાસે થી મળી આવી હોવાનુ અને તે હાલના આરોપીએ ફરિયાદમા જણાવ્યા મુજબની વિગતે ચોરી કરી હોવાનુ પુરવાર થતુ નથી.

આ કેસમા ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવાઓ પરથી આરોપી વિરુદ્ધ આરોપવામાં આવેલો ગુનો નિશંકપણે સાબિત કરી શકતો નથી તેવુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે. આથી મુદ્દા નંબર ૬(અ) નો જવાબ નકારમાં આપીને નીચે મુજબનો આખરી હુકમ કર્યો છે.

૮) **હુકમ**

આ કામના આરોપી **અમિતભાઇ વિજયભાઇ સોલંકી** રહે: –દેવીપુજક વાસ, દાનેવ સોસાયટી, જવાના રસ્તે, ચલાલા, તાલુકો:– ધારી, જીલ્લો: – અમરેલી ને તેમની વિરુદ્ધ આરોપવામાં આવેલા ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ– ૩૦૩(૨), ૩૨૯(૩) મુજબના ગુનામાંથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) મુજબ નિર્દોષ છોડી મુકવાનો હુક્મ કરવામાં આવે છે.

આ ગુનાના કામે કબ્જે કરવામા આવેલો મુદ્દામાલ અર્થાત ફરિયાદીના ટ્રેક્ટર ની બેટરી ફરિયાદીને પરત મળી ગઇ હોવાથી આપવાનો હુકમ થયો હોવાથી તે હુકમમા ફરમાવેલી શરતો ને રદ્દ ગણી ને બાકીનો હુકમ  કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ હાલમા જ્યુડીશીયલ કસ્ટડીમા હોવાથી અને આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ થયો હોવાથી આરોપીને આ ગુનાના કામે જેલમુકત કરવાનો હુકમ કરવામા આવે છે. તે અંગેની યાદી સંબંધિત જેલરશ્રી ને કરવી. આરોપી એ જેલ મુકત થયા પછી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૧ મુજબ અપીલ સમય સુધીના રૂપિયા ૧૫,૦૦૦/- ના નવા સદ્ધર જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવો.

આ હુકમ આજરોજ તારીખ ૧૭/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ- ૧૭/૦૩/૨૦૨૬

સ્થળ- ધારી

(હર્ષદેવસિંહ જે ઝાલા)
બીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ધારી
જજ કોડ- જીજે-૦૧૩૬૯